
## નવ વિલાસના પદ
## આસો સુદ ૧ - આસો સુદ ૯



### પ્રથમ વિલાસ - રાગ: માલવ

| | |
|---|---|
| પ્રથમ વિલાસ કિયો શ્યામજુ, કીનો વિપિન વિરાહજુ | ॥ |
| ઉનકે વિધકી શોભા બરનું, કહત ન આવે પારજુ | ॥૧॥ |
| વાકે યુથકી ગણના નાંહી, નિર્ગુણ ભક્ત કહાવે | ॥ |
| તાકી સંખ્યા કહત ન આવે, શેષહુ પાર ન આવે | ॥૨॥ |
| ઘોષ ઘોષ પ્રતિ ગલિન ગલિન પ્રતિ, રંગ રંગ અંબર સાજે | ॥ |
| કિયો શૃંગાર નખશિખ અંગ યુવતિ, જ્યોં કરની ગણ રાજે | ॥૩॥ |
| બહુ પુજા લે ચલી વૃંદાવન, પાન કુલ પકવાની | ॥ |
| તાકે યુથ મુખ ચંદ્રાવલી, ચંદ્રકલાસી બાને | ॥૪॥ |
| પહોંચી જાય નિકુંજ ભવનમેં, દરસી વૃંદા દેવી | ॥ |
| તાકે પદ વંદન કરિ માંગ્યો, શ્યામ સુંદર વર એવી | ॥૫॥ |
| તિહીં છિન પ્રભુજી આપ પધારે, કોટિક મનમથ મોહે | ॥ |
| અંગ અંગ પ્રતિ રૂપ રૂપ પ્રતિ, ઉપમા રવિ શશિકો હે | ॥૬॥ |
| દ્વે જુગ જામ શ્યામ શ્યામા સંગ કેલી, વિવિધ રંગ કીને | ॥ |
| ઉઠત તરંગ રંગ રસ ઉછલિત, દાસ રસિક રસ પીને | ॥૭॥ |

પ્રથમ વિલાસના પદમાં શ્રીહરિરાયજી અજ્ઞા કરે છે કે શ્રીચંદ્રાવલીજીએ પ્રથમ વિલાસનો પ્રારંભ આસો સુદ એકમે કર્યો. તેમના યુથમાં અસંખ્ય વ્રજભક્તો છે, તે સૌ વ્રજભક્તો સુંદર રંગબેરંગી વસ્ત્રો અને આભૂષણોમાં સજ્જ થઇ અનેક ગામોની ગલીઓમાંથી શ્રીસ્વામીનીજીએ સંકેત કરેલા વનમાં આવી રહ્યાં છે.

શ્રીચંદ્રવલીજીએ પ્રથમ વિલાસનું આયોજન વૃંદાવનમાં કર્યું છે તેથી વ્રજનાં સૌ ભક્તો વૃંદાવનમાં એકત્ર થયાં છે. સૌના હાથમાં પૂજાની સામગ્રીના થાળ છે. આ વ્રજભક્તોનાં યુથમાં મુખ્ય સ્વામિનીજી શ્રીચંદ્રાવલી છે તેમના ભાવથી તે દિવસની મુખ્ય સામગ્રી ચંદ્રકળા છે. વૃંદાવનમાં વૃંદાદેવી, અથાર્ત તુલસીજીનું મંદિર છે. ત્યાં તુલસીની સુંદર કુંજ-નિકુંજો છે ત્યાં સૌ પૂજન નિમિત્તે એકઠાં થયાં છે. તુલસીજી ભગવાનનાં પરમ ભક્ત છે. શ્રીઠાકોરજી તેમના પર સદા પ્રસન્ન રહે છે. શ્રીશાલીગ્રામજી સ્વરૂપે ભગવાન સાથે તેમના લગ્ન પણ થયાં છે. તેમને શ્રીઠાકોરજીનાં ચરણપદ્મ (ચરણ કમળ)માં રહેનારાં કહ્યાં છે. તેઓ ભક્તોને શ્રીઠાકોરજીનો મેળાપ કરાવી આપનારાં છે.

તેથી વૃંદાવનમાં આવેલાં વ્રજભક્તો સૌ પહેલાં તુલસીજીનું પૂજન કરી, તુલસીજીને વંદન કરી, હાથ જોડી વિનંતી કરે છે. 'હે દેવી, શ્રીશ્યામસુંદર અમને અલૌકિક પતિ રૂપે પ્રાપ્ત થાય. તે જે વખતે શ્યામસુંદર ત્યાં પધારે છે તે વખતની શ્રીઠાકોરજીની શોભા અપરંપાર છે. શ્રીઅંગની શોભા જોઈને સૂર્ય, ચંદ્ર પણ લજવાઈ જાય છે. ત્યાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનું મિલન થાય છે. શ્રીચંદ્રાવલીજી સહિત સૌ વ્રજભક્તો અત્યંત પ્રસન્ન થાય છે. સર્વત્ર આનંદ ઉભરાય છે. શ્રીચંદ્રાવલીજી સર્વ ભક્તો સહીત શ્રીયુગલસ્વરૂપને ચંદ્રકળા અને બીજી અનેક સામગ્રીઓ આરોગાવે છે. સૌ ત્યાં રાસવિલાસ કરે છે.

**દ્વિતીય વિલાસ - રાગ: માલવ**

દ્વિતીય વિલાસ કિયો શ્યામજુ, ખેલ સમશ્યા કીની ॥
તાકી મુખ્ય સખી લલિતાજુ, આનંદ મહારસ ભીની ॥૧॥
ચલી સંકેત વિહારન બલિ, પુજા સજી સંપુરન ॥
બહુ ઉપહાર ભોગ પાયસ લૈ બાંહ હુલાવત મુરન ॥૨॥
મંદિર દેવી ગાન કરત યશ, આય મિલે ગિરિધારી ॥
મનકો ભાયો ભયો સબનકો, કામ વેદના ટારી ॥૩॥
શ્યામકો શૃંગાર શ્યામકો લલિતા નિવી ખોલી ॥
લીલા નિરખત દાસ રસિક જન શ્રીમુખ શ્યામા બોલી ॥૪॥

નવરાત્રીના બીજા દિવસના વિલાસમાં મનોરથનાં મુખ્ય સખી શ્રીલલિતાજી છે. તેઓ સ્વયં સંપૂર્ણ આનંદ સ્વરૂપ છે. શ્રીલલિતાજી પોતાના યૂથની સખીઓ સાથે સંપૂર્ણ પૂજન સામગ્રી અને ભોગની વિવિધ નવીન સામગ્રી લઇને સંકેતવનમાં જાય છે. ત્યાં સંકેતદેવી છે જે સંકેતવનમાં દેવી હોવાથી વનદેવી તરીકે પણ પ્રસિદ્ધ છે. તેમની પૂજા કરી શ્રીઠાકોરજી અલૌકિક પતિ રૂપે તેમને મળે, તેમાં મદદરૂપ થવા વિનંતિ કરે છે. પછી સૌ સખીઓ શ્રીઠાકોરજીના સ્વરૂપનું ધ્યાન ધરી શ્રીઠાકોરજીને હૃદયમાં પધરાવે છે. તેજ વખતે શ્રીશ્યામ સુંદર ત્યાં પધારે છે. શ્રીલલિતાજીના મનોરથ સ્વરૂપે લગ્નમંડપ રચાય છે, વિવાહ ખેલનો મનોરથ થાય છે. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના લગ્નનો ઉત્સવ સૌ સખીઓ મનાવે છે. શ્રીઠાકોરજીએ પણ કૃપા કરીને શ્રીલલીતાજીના મનોરથથી શ્રીરાધાજીને પોતાના સ્વામીની તરીકે સ્વીકાર્યા અને જે ભક્તોના મનમાં અલૌકિક પણ કામભાવ હતો, તે દૂર કર્યો. શ્રીલલિતાજીએ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને સાથે પધરાવી સહેરાનો શૃંગાર ધર્યો. શ્રીઠાકોરજીએ સ્વહસ્તે શ્રીસ્વામિનીજીને શૃંગાર કર્યો. સંકેતવનમાં શ્રીયુગલસ્વરૂપે અતિ રસાત્મક લીલા વ્રજભક્તો સાથે કરી.

## તૃતીય વિલાસ - રાગ: માલવ

તૃતીય વિલાસ કિયો શ્યામજુ પ્રવીન ॥
ખેલનકો ઉત્સાહ સખી એકત્ર કીન ॥૧॥
તિનમેં મુખ્ય સખી વિશાખાજુ એન ॥
ચલી નિકુંજ મહલમેં, કોકિલા જ્યોં બેન ॥૨॥
ભોગ ધરી સંવાર બાસોંધી સની ॥
કુસુમ રંગ અનેક ગુહી કામિની ॥૩॥
ગાન સ્વર કિયો વન દેવી વિહાર ॥
નવ ત્રિયાકો વેષ કોટિ કામ વાર ॥૪॥
ઢિંગ આસન કરાય પ્યારીકો બૈઠાય ॥
દોઉ એકત્ર કીન નિરખત લેત બલાય ॥૫॥
યહ લીલાકો ધ્યાન મમ હૃદય ઠહરાય ॥
દેખત સુર નર મુનિ ભૂલે, રસિક બલબલ જાય ॥૬॥

શ્રીસ્વામીનીજીના આઠ મુખ્ય સખીઓમાંના એક શ્રીવિશાખાજી છે. આસો સુદ ત્રીજ વિલાસનો મનોરથ તેમનો છે. શ્રીવિશાખાજીએ નિકુંજલીલાનો મનોરથ કર્યો છે, તેથી બંને સ્વરૂપોને નિકુંજમાં પધરાવ્યા છે. બંને સ્વરૂપોની સન્મુખ સુંદર મધુર કોકિલકંઠી સ્વરથી કીર્તનગાન કર્યું. બંને સ્વરૂપોનાં ઓવારણાં લીધા. શ્રીવિશાખાજીએ શ્રીઠાકોરજીનાં શૃંગાર કર્યા. શ્રીઠાકોરજીએ શ્રીસ્વમીનીજીનાં શૃંગાર કર્યા. ત્યાર પછી પોતાના ભાવની બાસોંદીની સામગ્રી આરોગાવી. શ્રીયુગલસ્વરૂપે વિવિધ લીલા વિહાર કર્યા.

## ચતુર્થ વિલાસ - રાગ: માલવ

ચોથો વિલાસ કિયો શ્યામજુ, પરાસોલી વનમાંઈ ॥
તાકે વૃક્ષલતા દ્રુમવેલી, તમ પુલકિત આનંદ ન સમાઈ ॥૧॥
ચંદ્રભાગા મુખ્ય યૂથાવલિ, અપની સખી સબ ન્યોતી બુલાઈ ॥
ખડમંડા જલેબી લડુવા પ્રત્યેક અંગ કો ભાવ જનાઈ ॥૨॥
સાજ કિયો પૂજન દેવીકો, બહુ ઉપહાર ભેટ લે આઈ ॥
ખેલન ચલી બની તિહીં શોભા, જ્યોં ધનમેં ચપલા ચમકાઈ ॥૩॥
પહોંચી જાય દરસ દેવી તબ, વહૈ ગયે શ્યામ કિશોર કન્હાઈ ॥
મનકો ચિત્યો ભયો લાલનકો, હાસ વિલાસ કરત કિલકાઈ ॥૪॥
શ્યામા શ્યામ ભુજભર ભેટે, તૃણ તોરન ઓર લેત બલાઈ ॥
કહી ન જાય શોભા તા સુખકી કુંજન દુરે રસિક નિધિ પાઈ ॥૫॥

ચોથો વિલાસ પરાસોલી (ચંદ્રસરોવર)માં થયો. આજના મુખ્ય સખી ચંદ્રભાગા છે. જેઓ અષ્ટસખીઓ પૈકીનાં એક છે. તેમને પોતાના યુથની બધી સખીઓને આમંત્રણ મોકલી બોલાવે છે. તેમના ભાવથી તેમને શ્રીયુગલ સ્વરૂપ માટે ખરમંડા, જલેબી અને બુંદીનાં લાડુની સામગ્રી સિદ્ધ કરી છે. શ્રીચંદ્રભાગાજી સૌ

સખીઓની સાથે પરાસોલીમાં પધાર્યા. ત્યાં આવેલા દેવીના મંદિરે સૌ પહોંચ્યા. તેજ વખતે ત્યાં શ્રીશ્યામસુંદર પધાર્યા. શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી સાથે સૌ હાસ્ય વિલાસ કરવા લાગ્યા. સૌએ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીનીજીને અમરસી (રંગના) છાપાના વસ્ત્રો ધરાવ્યાં. ગોળ પાગ ઉપર લૂમ કલગીનો શૃંગાર ધર્યો. ભોગ આરોગ્યા પછી યુગલ સ્વરૂપ અનેક રાસાદિ લીલાઓ કરવા લાગ્યા.

## પંચમ વિલાસ - રાગ: માલવ

પાંચો વિલાસ કિયો શ્યામજુ, કદલી વન સંકેત ॥
તાકી સખી મુખ સંજાવલી, પિયા મિલનકે હેત ॥૧॥
ચલી રલી ઉમગી યુવતી સબ, પુજન દેવી નિકસી ॥
ધૂપ દીપ ભોગ સંજાવલી, કમલ કીલીસી વિકસી ॥૨॥
આનંદ ભર નાચત ગાવત વધુ રસમેં રસ ઉપજાવતી ॥
મંડલમેં હરિ તતચ્છિન આયે, હિલમિલ ભયે એપ પોતી ॥૩॥
યે યુગ જામ શ્યામ શ્યામા સંગ ભામિની યહ રસ પીનો ॥
ઉનકી કૃપા દૃષ્ટિ અવલોક્ન, રસિકદાસ રસ ભીનો ॥૪॥

આસો સુદ પંચમનાં દિવસે પાંચમાં વિલાસનો મનોરથ શ્રીસ્વામીનીજીનાં સખી શ્રીસંજાવલીજીએ કર્યો. તેમને કદલીવનમાં તે મનોરથ કર્યો. ત્યાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીનીજી માટે સુંદર નિકુંજો સિદ્ધ કરાવી. પોતાના યુથના સૌ સખીઓ સાથે ત્યાં દેવી મંદિરે પહોંચ્યા. પૂજન માટેની સર્વ સામગ્રી સાથે લીધી. સૌ વ્રજભક્તો આનંદથી નૃત્યગાન કરતા, જ્યારે દેવીનાં મંદિરે પહોંચ્યા ત્યારે વ્રજભક્તોના તે મંડળમાં શ્રીઠાકોરજી પ્રગટ થયાં. સૌ સાથે મળીને નૃત્ય કરવા લાગ્યા. ઘણા સમય સુધી વ્રજભક્તોએ શ્રીયુગલસ્વરૂપ સાથે વનવિહાર કર્યો.

## છઠ્ઠો વિલાસ - રાગ: માલવ

છઠ્ઠો વિલાસ કિયો શ્યામાજુ ગોધન વનકો ચલી ભામાજુ ॥
પહેરે રંગ રંગ સારી, હાથન પૂજા થારી ॥૧॥
તાકી મુખ્ય સહચરી રાઈ, ખેલનકો બહુત સુધરાઈ ॥
ચલી વનવન વિકસી સુંદરી, હાર કંકણ જગમગે ॥૨॥
તા સમય પ્રભુજી આપ પધારે, કોટિક મન્મથ મોહકી ॥
નિરખ સખીયન ક્ન્લ મુખ માનો, નિધન ધનજો સોહહી ॥૩॥
ખેલકો આરંભ કીનો રાધા, માધો બિચ કીયે ॥
તાકી પરછાઈ પરી તબ રસિક ચરણન ચિત દિયે ॥૪॥

આસો સુદ છઠનાં દિવસે છઠ્ઠા વિલાસનો મનોરથ શ્રીભામાજી (રાઈ) નામનાં સખીનો હતો. તેમના યુથનાં સૌ વ્રજભક્તોએ રંગબેરંગી વસ્ત્ર-ભૂષણ ધારણ કર્યા. હાથમાં પૂજાની થાળી અને સામગ્રી થાળી લીધી. શ્રીભામાજીએ શ્રીઠાકોરજીના વિલાસ માટે સુંદર સુઘડ વ્યવસ્થા કરી હતી. તેઓ શ્રીગોવર્ધનની આજુબાજુના

વનમાં ગયા. સૌએ ઝગમગતા આભૂષણો ધારણ કર્યા હતા. શ્રીભામાજીએ પોતાના ભાવને અનુરૂપ શિખંડની સામગ્રી સિદ્ધ કરી હતી. સૌ સખીઓ તે વનમાં આવેલાં દેવીના મંદિરે પૂજન માટે ચાલ્યાં. તેજ વખતે શ્રીઠાકોરજી ત્યાં પધાર્યા. કરોડો કામદેવ ઝાંખા પડે શ્રીઠાકોરજીના સ્વરૂપની શોભા હતી. શ્રીઠાકોરજીના દર્શન કરી સૌ પ્રસન્ન થયાં. શ્રીભામાજીએ યુગલ સ્વરૂપને વસ્ત્રભૂષણ ધરાવ્યાં અને સામગ્રી અંગીકાર કરાવી, પછી સૌએ આખો દિવસ વનમાં અનેક લીલાઓ કરી.

## સપ્તમ વિલાસ - રાગ: માલવ

સાતમો વિલાસ કિયો શ્યામાજુ, ગહવર વનમેં મતો જુ કીન ॥
મુખ્ય કૃષ્ણાવતી સહચરી, લધુ લાધવ અતિહી પ્રવીન ॥૧॥
વનદેવી હૈ ગુંજા કુંજા, પહોપનસોં ગુંહી સુમાલ ॥
ચંદ્રાવલી પ્રમુદિત વિકસત, મુખ જેસે મુનિયા લાલ ॥૨॥
રચ્યો ખેલ દેવી ઢીંગ, યુવતી કોક કલા મનોજ ॥
અતિ આવેશ ભયે અવલોકત, પ્રગટે મદન સરોજ ॥૩॥
કોઉ ભુજધર કર ચરન ઉર, કોઉં અંગ અંગ મિલાય ॥
કુંવર કિશોર કિસોરી રસિક મણિ, દાસ રસિક દુલરાય ॥૪॥

આસો સુદ સાતમના દિવસે સાતમો વિલાસ ગહવરવનમાં બરસાના પાસે થયો. તેમાંનોરથ શ્રીકૃષ્ણાવતી સખીનો હતો. તેઓ શ્રીકુમારીકાના યૂથનાં છે. રાસાદિ લીલા માટેની સામગ્રી અને વ્યવસ્થા કરવામાં તેઓ અતિ પ્રવીણ છે. સૌ વ્રજભક્તો સાથે તેઓ ગહવરવનમાં ગયા. ત્યાં વનદેવીની પૂજા માટે પુષ્પમાળા વગેરે લઇને ગયાં. શ્રીચંદ્રાવલીજી સખીઓની શોભા જોઈને ખૂબ પ્રસન્ન થયાં, અને અજ્ઞા કરી 'જાણે લાલ રંગના પક્ષીઓની હારમાળા ઉડી રહી છે.' ગહવરવનમાં સખીઓએ દેવી સન્મુખ પૂજનની ક્રિયા કરી. શ્રીઠાકોરજી ત્યાં સાક્ષાત પધાર્યા. બધા ગોપીજનોસાથે રાસ વિલાસ કર્યો. શ્રીયુગલ સ્વરૂપનીશોભા અદભુત હતી.

## અષ્ટમ વિલાસ - રાગ: માલવ

આઠો વિલાસ કિયો શ્યામાજુ, શાંતન કુંડ પ્રવેશ જુ ॥
ઉનકી મુખ્યા ભામા સુરંગી, ખેલત જાનિત આવેશજુ ॥૧॥
સુરજ મંદિર પૂજન કર, મેવા સામગ્રી ભોગ ધરી ॥
આનંદ ભરી ચલી વ્રજ લલના, ક્રીડન વનકો ઉમંગ ભરી ॥૨॥
ભદ્રવન ગમન કિયો વનદેવી, પૂજન ચંદન વંદન લીને ॥
ભોગ સ્વચ્છ ફેની એની, સબ અંબર અભરન ચિને ॥૩॥
ગાવત આવત ભાવત ચિતવન, નંદ લાલકે રસમાતી ॥
કૃષ્ણ કલા સુંદર મંદિરમેં, યુવતી ભઈ સુહાતી ॥૪॥
દેખી સ્વરૂપ ઠગી લલનાતે, ચકચોંધીસી લાઈ ॥
અચવત દગન આધાત દાસ, રસિક વિહારન રાઈ ॥૫॥

આસો સુદ આઠમના દિવસે આઠમો વિલાસ શાંતનકુંડ ઉપર થયો. સખીનું નામ ભામિની સખી હતું. તે સખી પોતાના યુથનાં સખીઓ સહીત શાંતનકુંડ પર સૂરજ મંદિરે પહોંચી પૂજન અર્ચન કર્યું. ત્યાંથી સૌ ક્રીડા (ખેલ) કરવા ભદ્રવન ગયાં. ત્યાં વનદેવીનું પૂજન કર્યું. ભામિની સખી ભાવનિપુરણા છે. તેઓ શ્રીચંદ્રવલીજીના અંતરંગ સખી છે, તે સાત્વિક ભક્ત છે. તેમનો મનોરથ શ્રીયુગલ સ્વરૂપે અંગીકાર કર્યો અને સુતરફેણીની સામગ્રી આરોગાવી.

**નવમો વિલાસ - રાગ: માલવ**

નવમો વિલાસ કિયો જુ લેંડતી, નવધા ભક્તિ બુલાય ॥
અપને અપને સિંગાર સબે સજ, બહુ ઉપહાર લિવાયે ॥૧॥
સબ શ્યામા જુર ચલી રંગ ભીની, ક્યોં કરિણી ઘનઘોરે ॥
જ્યોં સરિતા જલ કુલ છાંડીકે, ઉઠત પ્રવાહ હિલોરે ॥૨॥
બંસી બટ સંકેત સઘન વન, કામ કલા દરસાયે ॥
મોહન મૂરતિ વેણું મુકુટ મણી, કુંડલ તિમિર નસાયે ॥૩॥
કાછની કટિ તટ પીત પિછૌરી, પગ નૂપુર ઝનકાર કરે ॥
કંકણ બલય હાર મણિ મુક્તા, તીન ગ્રામ સ્વર ભેદ ભરે ॥૪॥
સબ સખીયન અવલોક શ્યામ છબિ, અપુનો સર્વસુ બારેં ॥
કુંજ દ્વાર બૈઠે પિય પ્યારી, અદભુત રૂપ નિહારે ॥૫॥
પૂવા ખોવા મિઠાઈ મેવા, નવધા ભોજન આને, ॥
તહાં સતકાર કિયો પુરુષોત્તમ, અપનો જન્મ ફલ માને ॥૬॥
ભોગ સરાય અચવાય બીરાધર, નિરાંજન ઉતારે ॥
જય જય શબ્દ હોત તિહું પુરમેં, ગુરુજન લાજ નિવારે ॥૭॥
સઘન કુંજ રસ પુંજ અલિ, ગુંજત કુસુમન સેંજ સંવારી ॥
રતિ રણ સુભટ ઝૂરે પિય પ્યારી, કામ વેદના ટારી ॥૮॥
નવ રસ રાસ વિલાસ હુલાસ, વ્રજ યુવતિન મિલ કીને ॥
શ્રી વલ્લભ ચરન કૃપાતે, રસિક દાસ રસ પીને ॥૯॥

આસો સુદ નોમનાં દિવસે સ્વયં શ્રીસ્વામીનીજીએ નાવમા વિલાસનો મનોરથ કર્યો. પ્રેમલક્ષણા ભક્તિના નવે ભાવથી સભર સર્વ વ્રજભક્તોને તેમણે બંસીબટમાં બોલાવ્યાં. સૌ સુંદર વસ્ત્ર આભુષણ સજી, વિવિધ સામગ્રીઓના થાળ લઇ પધાર્યા. સૌ વૃંદાવનમાં બંસીબટ પાસેનાં સઘન વનમાં આવ્યાં. ત્યાં શ્યામસુંદર પણ પધાર્યા. શ્રીશ્યામસુંદરે મુગુટ-કાછનીનો શૃંગાર ધર્યો. શ્રીહસ્તમાં વેણુ હતાં. તેમના દર્શન કરી સૌ રોમાંચિત થઇ ગયાં. સૌએ યુગલસ્વરૂપને વિવિધ સામગ્રીનો ભોગ ધર્યો. નવ પ્રકારની વિવિધ સામગ્રીઓ અંગીકાર કરાવવામાં આવી. ભોગ સરાવી, આચમન કરાવી, બીડાં આરોગાવ્યાં, પછી આરતી થઇ. સૌએ રાસાદિ લીલાઓ કરી.